**Registration No.: CC/ 29128/2021**
**Filing No.: CC/ 29128/2021**
**Filed On:15/03/2021**
**Registered On : 15/03/2021**
**Decided on : 10/07/2021**
**Duration: dd/mm/yy**

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 29128/2021**

**Exh.1**

**Complainant**:

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused**:

1. **Sanjaybhai Narayanbhai Patani ,**
**Age: ,Occupation: Driving,**
**At:Bapalal Ghanchi Chali,**
**Chamanpura,Ahmedabad.**

Appearance :
Miss. M. A. Macwan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

**ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબ.**

**–: J U D G E M E N T :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૧૮–૦૬–૨૦૨૦ ના કલાક ૨૦:૧૦ વાગ્યે પોતાની બોલેરો પીકઅપ ગાડી નં. GJ-01-DV-5246 ઠકકરનગર ચાર રસ્તાથી થોડે દુર જાહેર રોડ ઉપર રાખી આવતાં જતાં રાહદારી ટ્રાફિકને અડચણ થાય તેમ કરી રાખેલ હોઈ તે અંગે ફરીયાદીએ ફરીયાદ આપતાં તે અંગે કૃષ્ણનગર પો.સ્ટે.સે. ગુ. રજી. નં.૧૪૮૧/૨૦૨૦નો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ. પો.કોડની કલમ ૧૭૩(૨) તળે ચાર્જશીટ કરેલ છે.

૨) હવે આ કામે ક્રિ.પો.કોડની કલમ–૪૬૮ બાધ્ માટેની મુદ્દત વિતી ગયા પછી ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાને બાધ્ અંગેની જોગવાઈ મહત્વની હોઈ તે નીચે મુજબ છે.

**કલમ–૪૬૮ બાધ્ માટેની મુદ્દત વિતી ગયા પછી ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાને**

**બાધ્** (૧) આ અધિનનીયમમાં અન્યત્ર જોગવાઈ કરેલ હોય તે સિવાય પેટા,કલમ(૨) માં નિર્દિષ્ઠ કરેલ વર્ગના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કોઈપણ બાધ માટેની મુદ્દત વિત્યા પછી શરૂ કરી શકાશે નહિ.

(૨) બાધ્ માટેની મુદ્દત નીચે પ્રમાણે રહેશે.

(ક) ગુનો માત્ર દંડની શિક્ષાને પાત્ર હોય તો, છ મહિના.

(ખ) ગુનો એક સુધીની...

(ગ) ગુનો એક વર્ષ કરતા...

(૩) આ કલમના હેતુઓ માટે....

આમ ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ થયેલ જેમાં સજાની જોગવાઈ માત્ર રૂ.૨૦૦/– રહેલ છે. આથી હવે સદરહુ ગુનો બન્યા પછી તે ગુનાનુ ચાર્જશીટ ક્રિ.પો.કોડની કલમ–૪૬૮ મુજબ છ માસમાં કરેલ હોવુ જોઈએ અગરતો અદાલતે ચાર્જશીટ કરવામાં સ્પેશીફીક હુકમ કરીને સમયમર્યાદા લંબાવી આપેલ હોયતો તે સમયમર્યાદામાં ચાર્જશીટ કરવુ પડે પરંતુ અત્રેની અદાલત સમક્ષ આ ચાર્જશીટ છ માસમાં ન કરવાને કોઈ વ્યાજબી ખુલાસો કરેલ નથી કે સમયમર્યાદા લંબાવી આપેલ હોય તેવું ચાર્જશીટ સાથેના પોલીસ કેસ પેપર્સમાંથી બહાર આવતુ નથી. આમ હવે જયારે આ ગુનાની સમયમર્યાદા બહાર ચાર્જશીટ થયેલ છે ત્યારે આ અદાલતને હવે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા કોઈ હકુમત રહેતી નથી જેથી કરીને જયારે ઈન્સાફી કાર્યવાહી કરવાનો બાધ્ હોય ત્યારે હવે આરોપી સામેની આ ગુનાની કાર્યવાહી પડતી મુકવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૦/૦૭ /૨૦૨૧ના રોજ સ્પેશીલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date .10/07/2021**
**Place : SPECIAL SITTING , AHMEADABAD**

**UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**